અપીલ અરજી નં.૨૭૦ તા.૨૬–૧૧ –૧૦/૧૧
ફોન નં.૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ– શ્રી ઉમેશભાઈ રમણભાઈ સોલંકી
સામાવાળાઃ– કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી ઉમેશભાઈ રમણભાઈ સોલંકીની તા.૨૬–૧૦–૧૦ ની અરજીથી સોમનાથ સોસાયટીમાં ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશનની કામગીરી બાબતે માંગેલ માહિતી આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૨૬–૧૧–૧૦ ની **SMC/FAP/** નં.૨૭૦/૨૦૧૦–૧૧

શ્રી ઉમેશભાઈ રમણભાઈ સોલંકીની તા.૨૬–૧૦–૧૦ ની અરજીથી સોમનાથ સોસાયટીમાં ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશનની કામગીરી બાબતે માંગેલ માહિતી આપવા બાબતે કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી અઠવાઝોનના પત્ર નં.સા.વે.ઝોન (અઠવા)/આરટીઆઈ/૮૬૯ તા.૧–૧૧–૧૦ થી આપેલ માહિતી ખોટી હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૬–૧૧–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા સાથે આપેલ જવાબના સમર્થનમાં આધાર રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/ ૧૦૧૧ તા.૨–૧૨–૧૦ થી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન) તથા અરજદારનેઅપીલ અરજીમાં જાહેર માહિતી અધિકારી તરફથી આપેલ માહિતી ખોટી અંગે આધાર પુરાવા રજુ કરવા તથા મુળ અરજીની નકલ ,ફી ભર્યાની વિગત રજુ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/આ.નં.૧૧૩૩ તા.૨૭–૧૨–૧૦ થી પૂરક વિગતોમાં અરજદારને આપેલી માહિતી અંગેનો પત્ર નં. નં.સા.વે.ઝોન/ અઠવા/ આરટીઆઈ/ આ.નં.૮૬૯ તા.૧–૧૧–૧૦ ના પત્રની નકલ તથા ઓગષ્ટ–૨૦૧૦ થી ડીસેમ્બર ૮–૧૨–૧૦ સુધીની રૂટ નં.૫ ગાડી નં.જીજે–૫–યુયુ–૫૦૧૩ ડાયવર શ્રી જગદીશભાઈ નોંધની હાજરી દર્શાવતુ પાના નં.૮ થી ૧૩ ની નકલ રજૂ કરેલ છે. જયારે અરજદાર તરફથી તા.૬–૧૨–૧૦ ના રોજ પૂરક વિગતોમાં ફી ભર્યાની વિગત, તા.૨૦–૧૧–૧૦ ની અપીલ અધિકારીને કરેલ અપીલની નકલ, જાહેર માહિતી અધિકારીએ આપેલ માહિતી અંગેના પત્ર નં.સા.વે.ઝોન/ અઠવા/ આરટીઆઈ/૮૬૯ તા.૧–૧૧–૧૦ ના પત્રની નકલ તથા કમિ.શ્રીને તા.૨૧–૭–૧૦ ના રોજ કચરા ગાડીની ભટાર વિસ્તાર ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશનની અનિયમિતતા અંગેની અરજીની નકલ રજૂ કરેલ છે. પરંતુ ગાર્બેજ કલેકશનના જાહેર માહિતી અધિકારીએ આપેલ માહિતી ખોટી અંગેના આધાર પુરાવા રજૂ કરવામાં સફળ રહેલ નથી.

અરજદારની તા.૨૬–૧૦–૧૦ ની અરજીથી ડોર ટુ ડોર ની કામગીરી સોમનાથ સોસા.માં કોના આદેશથી છેલ્લા ૧૦ મહીનાથી બંધ કરવામાં આવી છે તેની માહિતી માંગતી અરજી અરજદારે જાહેર માહિતી અધિકારી અઠવાઝોનને કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી નં.સા.વે.ઝોન/ અઠવા/આરટીઆઈ/આ.નં.૮૬૯તા.૧–૧૧–૧૦ થી આરટીઆઈ હેઠળ માંગવામાં આવેલી માહિતી અન્વયે અરજીમાં જણાવેલ સોમનાથ સોસા.માં ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશનની કામગીરી બંધ કરવામાં આવેલ નથી હાલમાં પણ સોસા.માં ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશનની કામગીરી ચાલે છે " તેવું જણાવવામાં આવેલ. જે બાબતે અરજદારે જાહેર માહિતી અધિકારીએ ખોટી માહિતી આપેલ છે જે અંગે નિયમ સરની કાર્યવાહી કરવા જણાવી તા.૨૪–૧૧–૧૦ ના રોજ જણાવી તા.૨૬–૧૧–૧૦ ના રોજ અપીલ અરજી કરવામાં આવેલ છે. અરજદારે મુળ અરજીમાં ગાર્બેજ યોજના બંધ કરવાની માહિતી માંગેલ છે જે અંગે જાહેર માહિતી અધિકારીએ સદર કામગીરી ચાલુ હોવાનું જણાવેલ છે તથાતે અંગે ઓગષ્ટ–૨૦૧૦ થી સદર વિસ્તારની રૂટ નં.૫ ગાડી નં.જીજે–૫–યુયુ–૫૦૧૩ ડાયવર શ્રી જગદીશભાઈ ધ્વારા કામગીરી દર્શાવતું રજીસ્ટર ઓગષ્ટ–૨૦૧૦ થી તા.૮–૧૨–૧૦ ડીસેમ્બર સુધી આધાર તરીકે સદર રેકર્ડની નકલ રજૂ કરેલ છે. પરંતુ રૂટ નં.૫ સોમનાથ સોસા.નો જ હોવાનો આધાર તથા નિયત તારીખોએ ડોર ટુ ડોર વાહન બાબત હેઠળની સોસા.માં ગયાના ઉલટ તપાસણીના આધાર રજૂ કરેલ નથી. જો કે તેની સામે અરજદારની માહિતી માંગતી અરજી અને તેમની તા.૨૧–૭–૧૦ ની અરજીઓ સ્વયં પારસ્પરિક વિરોધી છે. અરજદારે સ્વયં તેમાં મહીનામાં ૧૦ થી ૧૫ દિન ગાડી આવતી હોવાનો એકરાર કરેલ છે. અરજદારે પણ તેમની પૂરક માહિતીમાં કમિ.શ્રીને તા.૨૧–૭–૧૦ ના રોજ આપેલ અરજી બાબતે પણ ગાર્બેજ કલેકશનની ગાડીની અનિયમિતતા રજૂ કરી ૧૧ પ્લોટ હોલ્ડરોની સહી વાળી અરજી કરેલ છે. પરંતુ આ યોજના બંધ કર્યા અંગેની કોઈ આધાર કે પુરાવા રજૂ કરવામાં સફળ રહેલ નથી. આમ અરજદારને જાહેર માહિતી અધિકારી તરફથી માહિતી પૂરી પડાયેલ જણાય છે તેમ છતાં અરજદારને સુવિધા બાબતે કાર્યવાહીને લગતા પ્રશ્ન અંગે સક્ષમ સત્તાને રજૂ કરી શકે છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ  કરવામાં આવે છે.

અરજદારની તા.૨૬–૧૦–૧૦ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. તેમ છતાં અરજદાર ઈચ્છુક હોય તો દૈનિક ડોર ટુ ડોર ના રૂટ અને તેની નોંધણીના  દફતરની તપાસણી  આરટીઆઈ એકટની કલમ–૭(૩) સાથે નિયમ–પ હેઠળ ની જોગવાઈ હેઠળ જાહેર માહિતી અધિકારીનો આગોતરો સમય દિન–૭ માં મેળવી કરી શકે છે. અરજદાર તરફથી તેવી માંગણી થયે જાહેર માહિતી અધિકારીએ લાગત દફતરની તપાસણી પૂરી પાડવા જણાવવામાં આવે છે. અરજદાર કાર્યવાહીને લગતી રજૂઆત બાબતે સક્ષમ સત્તાને અલાયદી રજૂઆત કરવા સ્વતંત્ર છે.

નં.આરટીઆઈસેલ/<br>
તારીખ :   –૧–૧૧

ડે.કમિશ્નર (સ્પે.)<br>
અને એપેલેટ ઓફિસર<br>
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,<br>
(૧) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી(અઠવાઝોન ) ...જાણ તથા અમલ  માટે .<br>
(૨) શ્રી ઉમેશભાઈ રમણભાઈ સોલંકી,